# પૂ. લાલચંદભાઇના પ્રવચનો
# પ્રવચન નં :- LA197, શ્રી સમયસાર, સેટિકાની ગાથા ૩૫૬ થી ૩૬૫ અપોહકનો બોલ
# તા. એપ્રિલ ૧૯૮૯ પછી

આ ગાથાઓમાં જ્ઞાનની દર્શનની અને ચારિત્રની પર્યાયનો નિશ્ચય કોને કહેવાય અને તે જ પર્યાયનું નામ વ્યવહાર ક્યારે પડે. એ જ જ્ઞાનની પર્યાય, એ જ દર્શનની પર્યાય, એ જ ચારિત્રની પર્યાય એ પર્યાયનું નામ વ્યવહાર તે ક્યારે પડે? એ જ્ઞાન, દર્શન, ચારિત્રની પર્યાયનો નિશ્ચય ક્યારે કહેવાય, તે પર્યાયને નિશ્ચય ક્યારે કહેવાય?

તો એક મહા સિદ્ધાંત છે. કોઈપણ આત્માના પરિણામ હોય જ્ઞાનના, દર્શનના, ચારિત્રના એને કેવળ આત્માનું જ અવલંબન આશ્રય હોય. તેને બિલકુલ સો ટકા પરનું અવલંબન છૂટી જાય. સો ટકા સામાન્યનું જ અવલંબન હોય. એવી જ્ઞાનની પર્યાયને નિશ્ચય કહેવાય. નિશ્ચય એટલા માટે કહેવાય કે જે સામાન્યનું અવલંબન લ્યે છે જ્ઞાનની પર્યાય, તે સામાન્યરૂપ થઈ જાય છે. એટલે આત્મારૂપ થઈ જાય છે. એટલે જ્ઞાયક અને જ્ઞાયકને જાણનારી અતીન્દ્રિય જ્ઞાનની પર્યાય તેના વચ્ચે ભેદ હોવા છતાં ભેદ દેખાતો નથી. એવો અભેદ જાણનાર તેનું નામ જ્ઞાનની પર્યાયનો નિશ્ચય છે. તેને કેવળ શુદ્ધાત્માનું જ અવલંબન છે. અથવા કેવળ શુદ્ધાત્મામાં જ અહમ કરે છે પર્યાય. શુદ્ધાત્મા તે જ હું એમ પ્રતીતમાં આવે છે. અને શુદ્ધાત્મામાં લવલીન એકાગ્ર થઈ જાય છે પર્યાય, ત્રણ પર્યાયને દ્રવ્યનું જ અવલંબન છે અને દ્રવ્યનું અવલંબન લેનારી પર્યાય અને અવલંબન દેનાર દ્રવ્ય એ બે જુદા જુદા રહેતા નથી. તેનું નામ દ્રવ્યનો નિશ્ચય નથી કેમકે દ્રવ્યનો નિશ્ચય પર્યાય સાપેક્ષ ન હોય. પણ પર્યાયનો નિશ્ચય દ્રવ્ય સાપેક્ષ હોય. દ્રવ્યનો જે નિશ્ચય છે તે તો પર્યાયથી નિરપેક્ષ છે, તેનું નામ દ્રવ્યનો નિશ્ચય છે. દ્રવ્યનો નિશ્ચય છે. જે પર્યાયથી રહિત પર્યાયથી નિરપેક્ષ છે. તેનું નામ દ્રવ્યનો નિશ્ચય કહેવાય.

હવે પર્યાયનો નિશ્ચય કોને કહેવાય? પર્યાયનો નિશ્ચય એને કહેવાય કે જે જ્ઞાનની પર્યાય પરથી નિરપેક્ષ હોય. શાસ્ત્રથી નિરપેક્ષ હોય, જ્ઞાનની પર્યાય શાસ્ત્રનું લક્ષ છોડી દયે છે. તેનાથી નિરપેક્ષ છે. તે જ્ઞાનની પર્યાય દ્રવ્યથી સાપેક્ષ છે. એકલો દ્રવ્યનો જ અનુભવ છે. તે જ્ઞાનની પર્યાયનો નિશ્ચય છે. તે પર્યાય સ્વદ્રવ્ય સાપેક્ષ છે અને પર દ્રવ્યથી નિરપેક્ષ છે. તેને કેવળ સ્વદ્રવ્યનું જ અવલંબન છે. કેવળ સ્વદ્રવ્યમાં અહમ છે. કેવળ સ્વદ્રવ્યમાં પ્રલીન છે તે પર્યાયો.

મુમુક્ષુ:- પોતે દ્રવ્ય જ છે.

ઉત્તર:- પોતે દ્રવ્ય જ છે. દ્રવ્ય અને પર્યાયનો ભેદ વિલય પામે છે. સમજી ગયા? તેનું નામ જ્ઞાનની પર્યાયનો નિશ્ચય, શ્રદ્ધાની પર્યાયનો નિશ્ચય અને ચારિત્રની પર્યાયનો આ નિશ્ચય છે. સમજી ગયા? આ નિશ્ચય અધિકાર આપણે અત્યારે શરૂ કરીએ છીએ. તેની પહેલા તમને મારા વિચારો કહી દેવા હતા.

હવે જુઓ દ્રવ્યના નિશ્ચયમાં પર્યાયથી નિરપેક્ષ છે દ્રવ્ય. અને પર્યાયના નિશ્ચયમાં પર્યાય સ્વદ્રવ્યથી સાપેક્ષ છે.

મુમુક્ષુ:- સાપેક્ષ શું પોતે દ્રવ્ય જ છે, એમ.

ઉત્તર:- એટલે જ કહું છું ને? એટલે તે સ્વદ્રવ્યથી સાપેક્ષ છે ને પરદ્રવ્યથી નિરપેક્ષ છે. તેનો વિષય પરદ્રવ્ય છે જ નહીં. એનો વિષય એકાકાર એકલો ધ્રુવ પરમાત્મા છે. આ એનો વિષય, એટલે વિષય અને વિષયી અભેદ થઈ જાય છે, એક થાય છે. કેમકે સ્વ જાત છે બેય. વિશેષ પણ એવું અને સામાન્ય પણ એવું. સામાન્ય જ્ઞાનમય આત્મા અને તેની વિશેષ પર્યાય થઈ તે પણ જ્ઞાન પર્યાય પ્રગટ થઈ તો જ્ઞાન જ્ઞાનમાં મળે તે નિર્દોષતા છે. જ્ઞાન જ્ઞાનમાં મળે તે નિર્દોષતા છે. જ્ઞાન રાગમાં મળે તે દોષ છે. સમજાય ગયું?

મુમુક્ષુ:- જ્ઞાન જ્ઞાનમાં મળે તે નિર્દોષતા છે.

ઉત્તર:- તે નિર્દોષતા છે. તેનું સ્વરૂપ છે સ્વભાવ છે. હમણાં જ સ્વાધ્યાય કર્યો નીચે આવીને. આવ્યો ત્યારે પા કલાક પહેલા. આહાહા!

જેમ દ્રવ્ય છે તે પર્યાયથી નિરપેક્ષ છે તે દ્રવ્યનો નિશ્ચય છે. તેમ નિશ્ચય જ્ઞાનની પર્યાય સ્વદ્રવ્યથી નિરપેક્ષ નથી. પરથી નિરપેક્ષ છે. લખવું હોય તો લખી લેજો.

મુમુક્ષુ:- સમજી ગયા અમે, શું આપ કહેવા માંગો છો. એમ કહેવા માંગો છો દ્રવ્યનો નિશ્ચય છે તે તો પર્યાયથી નિરપેક્ષ છે, અને પર્યાયનો જે નિશ્ચય છે તે પરથી નિરપેક્ષ છે.

ઉત્તર:- પરથી નિરપેક્ષ છે. અને સ્વદ્રવ્યથી સાપેક્ષ છે, કેમકે તે આત્મા થઈ ગઈ. તો તે આત્માથી જુદી ન હોય પર્યાય. પર્યાય આત્માથી જુદી થાય તો પર્યાય નિશ્ચય નથી. જો આત્માથી અભેદ તમે ન લ્યો તો તો રાગથી અભેદ આવી જાશે. સમજાય ગયું? આત્માથી અભેદ થાય છે તે. અનન્ય થાય છે. આત્મા થઈ ગયો ને તે? અનુભૂતિ તે આત્મા છે.

દ્રવ્યનો નિશ્ચય પર્યાયથી નિરપેક્ષ અને પર્યાયનો નિશ્ચય પરથી નિરપેક્ષ અને સ્વથી સાપેક્ષ.

મુમુક્ષુ:- નિરપેક્ષ તે નિશ્ચય, મૂળ વાત તે છે.

ઉત્તર:- હા મૂળ વાત નિરપેક્ષ તે નિશ્ચય.

મુમુક્ષુ:- હવે દ્રવ્યનો નિશ્ચય પર્યાયથી નિરપેક્ષ છે.

ઉત્તર:- નિરપેક્ષ છે. અને પર્યાયનો નિશ્ચય પરથી નિરપેક્ષ, બસ. તેનો વિષય પર છે જ નહીં. જ્ઞાનની, દર્શનની, ચારિત્રની પર્યાયનો વિષય પાંચ મહાવ્રત છે જ નહીં. કષાયની મંદતાથી ચારિત્રની પર્યાય નિરપેક્ષ છે. તેનો વિષય જ નથી. કષાયની મંદતાથી નિરપેક્ષ છે ચારિત્રની પર્યાયનો નિશ્ચય, વીતરાગી પર્યાય છે. બરાબર? સમજાણું? પ્રશ્ન કરો અત્યારે તો આપણે ઉતાવળ નથી. તે મેઇન ચીજ છે. બેઈસ છે. આપણે સ્વાધ્યાય કરવા પહેલા બેઈસ છે.

જ્ઞાનની પર્યાયનો નિશ્ચય શું? કે જ્ઞાનની પર્યાયનો વિષય એકલો સ્વદ્રવ્ય જ્ઞાયકભાવ. સ્વપર બે નથી. તે જ્ઞાનની પર્યાયનું પ્રમાણ થઈ ગયું, પછી અનુભવ થયા પછી.

મુમુક્ષુ:- વ્યવહાર થઈ ગયો.

ઉત્તર:- વ્યવહાર થઈ ગયો.

મુમુક્ષુ:- સામર્થ્ય તે વ્યવહાર છે અને કેવળ આત્માને જાણવું તેનો સ્વભાવ છે.

ઉત્તર:- હં.. સ્વભાવ છે.

મુમુક્ષુ:- એક જ પર્યાયને સ્વભાવ અને સામર્થ્ય

ઉત્તર:- બે છે પણ અત્યારે જ્યારે જ્ઞાનની પર્યાયનો નિશ્ચય બતાવવામાં આવે ત્યારે સ્વપર બેયને જાણે છે તેમ ન હોય. કેમકે જેનું લક્ષ છે તે જ જણાય છે. અને પરનું લક્ષ નથી માટે પર જણાતું નથી. માટે અભેદ થઈ જાય છે જ્ઞાનની પર્યાય તેનું નામ અનુભવ છે નિર્વિકલ્પ ધ્યાનમાં શુદ્ધોપયોગ. અનુભવ પછી અનુભવમાં રહી શકાતું નથી. સવિકલ્પ દશા આવે છે. ત્યારે જ્ઞાન-દર્શન-ચારિત્રનો વ્યવહાર ઊભો થાય છે. નિર્વિકલ્પમાં પાછો અસ્ત થઈ જાય છે.

આ જે વ્યવહાર આવે છે ને તે સવિકલ્પમાં હોય વ્યવહાર. નિર્વિકલ્પ ધ્યાનમાં તો એક અભેદ થઈ જાય છે. તેમાં ભેદ જ પડતો નથી. જ્ઞાન-દર્શન-ચારિત્રની પર્યાયનો ભેદ જ પડતો નથી. ભેદ પડે તો વ્યવહાર ઊભો થાય. એ પછી આવશે વ્યવહારની વાત. હમણાં તો નિશ્ચયની વાત જ પહેલા લઈ લઈએ. ચારિત્રની પર્યાયનો નિશ્ચય કોને કહેવાય એમ. પરના અપોહક સ્વરૂપ જ આત્મા છે. ચારિત્રની પર્યાય પરના અપોહક સ્વભાવે છે. ત્રિકાળી દ્રવ્ય તો પરના અભાવ સ્વભાવે છે પણ ચારિત્રની પર્યાય પણ પરના રાગના અભાવ સ્વભાવે ચારિત્રની પર્યાય છે. તે ચારિત્રની પર્યાયનો વિષય ચારિત્રવાન આત્મા છે. ચારિત્ર ગુણપ્રધાન દ્રવ્ય-ચારિત્ર ગુણપ્રધાન દ્રવ્ય ચારિત્રની પર્યાયનો નિશ્ચય (છે).

જ્ઞાનગુણ પ્રધાન અભેદ તે જ્ઞાનની પર્યાયનો નિશ્ચય, શ્રદ્ધાગુણ તે ગુણપ્રધાન અભેદ તે શ્રદ્ધાની પર્યાયનો વિષય કેમકે શ્રદ્ધાની પર્યાય શ્રદ્ધાગુણમાં અભેદ થાય, જ્ઞાનની પર્યાય જ્ઞાનગુણમાં અભેદ થાય, ચારિત્રની પર્યાય ચારિત્રગુણમાં અભેદ થાય છે. તે જ્ઞાન-દર્શનમાં અભેદ ન થાય ચારિત્રના ગુણની પર્યાય. જે જેનું વિશેષ હોય તે વિશેષ તેના સામાન્યમાં ડૂબે, બીજા ગુણમાં સમાવેશ ન પામે તે. પોત પોતાની પર્યાય પોત પોતાના ગુણોમાં પ્રલીન થાય છે. જ્ઞાનની પર્યાયને ચારિત્રગુણનું અવલંબન નથી, જ્ઞાનની પર્યાયને દર્શનગુણનું અવલંબન નથી, જ્ઞાનની પર્યાયને ગુણભેદનું અવલંબન નથી પણ જ્ઞાનની પર્યાયને જે જ્ઞાનગુણ તેનાથી અભેદ એવા આત્માનું અવલંબન લ્યે છે. બસ. પોત પોતાના ઘરમાં ચાલી જાય છે પર્યાય, પોતાનું ઘર છે જ્ઞાનની પર્યાયનું ઘર જ્ઞાનગુણ એટલે દ્રવ્ય એટલે અભેદ.

મુમુક્ષુ:- જ્ઞાનગુણમય આખો આત્મા.

ઉત્તર:- જ્ઞાનગુણમય આત્મા, ચારિત્રગુણમય આખો આત્મા. તે પોતાનું ઘર છે. ચારિત્રની પર્યાયનું ઘર ક્યુ છે કે ચારિત્રગુણમય આત્મા તે તેનું ઘર છે. તે ઘરમાં ચાલી જાય છે.

મુમુક્ષુ:- ઘર તો બધાનું એક જ છે, પણ આ રૂમ બધાના જુદા જુદા છે.

ઉત્તર:- ત્રણ પર્યાય છે ને? ત્રણ પર્યાય છે ને? તો ત્રણ પર્યાય છે તો ત્રણ ગુણ છે કે નહીં સામે? એમ. છે તો અભેદ, આ તો સમજાવવા માટે જ્ઞાનની પર્યાય ક્યાં જાય? થોડીક જ્ઞાનગુણમાં જાય, થોડીક ચારિત્રગુણમાં જાય તેમ હોય કોઈ દિ? ન હોય. આહાહા!

તો અંતરગર્ભિત પર્યાયરૂપ પરિણમન શક્તિ ગુણમાં રહેલી છે. અંતરગર્ભિત પર્યાયરૂપ પરિણમન શક્તિ કેવળજ્ઞાનની પર્યાયરૂપ શક્તિ કેવળજ્ઞાનગુણમાં જ્ઞાનગુણમાં છે. કેવળજ્ઞાનની પર્યાય

આવશે તો જ્ઞાનગુણમાંથી આવશે. યથાખ્યાતચારિત્ર આવશે તો ચારિત્ર ત્રિકાળીગુણમાંથી આવશે. એમાં ગર્ભિત પડેલી છે અત્યારે. આહાહા! પછી એમ કહેવાય કે દ્રવ્યમાં અંતર ગર્ભિત પર્યાયરૂપ પરિણમન શક્તિ, તે અભેદની અપેક્ષાએ. ભેદની અપેક્ષાએ તો પ્રત્યેક ગુણમાં પ્રત્યેકગુણની પર્યાયોની યોગ્યતા જુદી જુદી રહેલી છે.

કેવળજ્ઞાનની યોગ્યતા ચારિત્રગુણમાં નથી, યથાખ્યાતચારિત્રની પર્યાય જ્ઞાનગુણમાં નથી. પોત પોતાના ગુણોમાં પોતાની ભાવિ પર્યાય અને પીને બેઠી છે, ગુણવાન બેઠો છે. ભાવિ પર્યાયને શુદ્ધ પર્યાયો તેને પીને ગુણો બેઠા છે. આહા! તો તેનું ધ્યાન કરતા તે શક્તિની વ્યક્તિ પ્રગટ થઈ જાય છે. ચાલો! આ ઉપરથી વાત કરી એટલે. હવે પાઠ લઈ લઈએ મૂળ.

પાનું-૫૨૪ અને ગાથા નંબર ૩૫૬ થી ૩૬૫.

શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર તેનો સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. તેમાં જ્ઞાનની, દર્શનની, ચારિત્રની પર્યાયનો નિશ્ચય શું તે પહેલા વિભાગમાં કહે છે. પછી એ જ પર્યાયનો વ્યવહાર શું તે પછી કહેશે. આ આટલી ગાથાની અંદર દસ ગાથામાં આ આખો નિશ્ચય અને વ્યવહાર, ખાસ કરીને પર્યાયનો અધિકાર છે તે ખ્યાલ રાખવો. આ દસ ગાથા છે તે પર્યાયનો નિશ્ચય અને પર્યાયનો વ્યવહાર. પર્યાયનો નિશ્ચય કોને પ્રગટ થાય? કે જે પર્યાયથી નિરપેક્ષ દ્રવ્ય છે તેનું અવલંબન લ્યે જે પર્યાય, તેને પર્યાયનો નિશ્ચય કહેવાય.

પર્યાયનો નિશ્ચય કોને કહેવાય કે જે પર્યાયથી નિરપેક્ષ એવું દ્રવ્ય સામાન્ય તેનું અવલંબન જે પર્યાય લ્યે તે પર્યાયનું નામ પર્યાયનો નિશ્ચય કહેવામાં આવે છે. સામાન્ય સિદ્ધાંત.

મુમુક્ષુ:- પર્યાયનો નિશ્ચય એટલે પર્યાયનો સ્વભાવ.

ઉત્તર:- પર્યાયનો જે સ્વભાવ છે-પર્યાયનો જે સ્વભાવ છે તે સ્વભાવ તે છે કે પોતાના દ્રવ્યનું જ અવલંબન લ્યે. પરનું અવલંબન લ્યે જ નહીં. પરલક્ષ અભાવાત. દરેક પર્યાયનું પરલક્ષ અભાવાત પરનું લક્ષ લ્યે તે જ્ઞાન, દર્શન, ચારિત્રની પર્યાય જ નથી. હાં.. કેમકે પરમાં અભેદ થાતી નથી. માટે તે પર્યાય આત્માની નથી. પરનું લક્ષ કરે તે પર્યાય આત્માની નથી. અને જે પર્યાય આત્માનું લક્ષ કરે તે પર્યાય આત્મા થઈ જાય છે. માટે તે પર્યાયને નિશ્ચય કહેવામાં આવે છે.

વળી (જેવી રીતે જ્ઞાયક તથા દર્શક વિષે દષ્ટાંત-દાર્ષ્ટાંતથી કહ્યું) એવી જ રીતે અપોહક અપોહકનો અર્થ પહેલાં, અપોહક (ત્યાજક, ત્યાગ કરનાર) વિષે કહેવામાં આવે છે. અપોહક એટલે કે પરના ત્યાગ સ્વભાવે દ્રવ્ય રહેલું છે. પરના ત્યાગ સ્વભાવે ત્રિકાળીદ્રવ્ય રહેલું છે. અને જે ચારિત્રની પર્યાય છે નિશ્ચય, તે પરના ત્યાગના અભાવ સ્વભાવે છે. પરનો ત્યાગ કરે તે ચારિત્રની પર્યાય નથી. અને સ્વભાવનું ગ્રહણ કરે તે પણ ચારિત્રની પર્યાય નથી.

મુમુક્ષુ:- કેમકે સ્વભાવ આત્માએ પણ પરનું ગ્રહણ નથી કર્યું પરનો ત્યાગ કરવાવાળો નથી ને આત્મા આત્માને ગ્રહવાવાળો નથી.

ઉત્તર:- નથી. એમ તેની જે પર્યાય છે

મુમુક્ષુ:- તેમાં તેવો જ અનુભવ થાય છે

ઉત્તર:- તેવો જ અનુભવ થાય છે જેવું દ્રવ્ય છે, તેવી જ પર્યાય થાય છે. પર્યાયમાં પણ પરનો

ત્યાગ કરવો તે પર્યાયનો સ્વભાવ નથી. એમ ભગવાનઆત્માને ગ્રહણ કરવો તેવો પણ તેનો સ્વભાવ નથી તો ભેદ પડી ગયો. તો ચારિત્રની પર્યાયનો નિશ્ચય ન થયો. સ્વસ્વામી સંબંધનો તેનો વ્યવહાર ઉત્પન્ન થયો. તે ચારિત્રની પર્યાયનો વ્યવહાર છે નિશ્ચય નથી.

મુમુક્ષુ:- આત્મા આત્માને ગ્રહણ કરે છે તે ચારિત્રની પર્યાયનો વ્યવહાર છે.

ઉત્તર:- વ્યવહાર છે, નિશ્ચય નથી. તે સદભૂત વ્યવહાર પણ હેય છે. સદભૂત વ્યવહાર પણ હેય છે. હા... તે જાણવાની ચીજ છે પણ હેયરૂપ જાણવું. હો.. હેયરૂપ જાણવું તેનું નામ જાણવું છે. અને ભગવાનઆત્માને ઉપાદેયરૂપ જાણવો તેનું નામ આત્માને જાણવું છે. આત્માને જાણવામાં ઉપાદેયબુદ્ધિ આવવી જોઈએ અને પર્યાયને જાણવાના સમયે હેયબુદ્ધિ હોવી જોઈએ.

મુમુક્ષુ:- ફરીને.

ઉત્તર:- ફરીને, જરા બેન લખે છે, પછી કહું. એક જ્ઞાનની પર્યાયથી વાત કહેતો હોઉં તો લઈ લેવી બીજી પર્યાય. જ્ઞાનથી સમજાય. પોતાનો જે શુદ્ધાત્મા છે તેમાં ઉપાદેયબુદ્ધિ કરીને જાણવું તેનું નામ નિશ્ચય છે. પોતાનો જે શુદ્ધાત્મા છે તેમાં અહમ કરીને ઉપાદેયબુદ્ધિ કરીને જાણવું તેનું નામ જ્ઞાનની પર્યાયનો નિશ્ચય છે. સમજ્યા? અને તે જ્ઞાનની પર્યાયને જે ભેદને પરને જ્ઞાનની પર્યાય જાણે તેમાં હેયબુદ્ધિએ જાણવું તેનું નામ વ્યવહાર છે. ઉપાદેયબુદ્ધિએ જાણવું નિશ્ચય, હેયબુદ્ધિએ જાણવું તે વ્યવહાર. હેયબુદ્ધિ હોવી જોઈએ. એકલું જાણવું નહીં. એવું સાધકનું પરિણમન હોય છે. દ્રવ્યમાં આત્મબુદ્ધિ થઈ, પર્યાય જાણવામાં તો આવે છે પણ પર્યાયમાં આત્મબુદ્ધિ નથી થતી તેનું નામ હેય છે. તેનું નામ હેયપૂર્વક જાણ્યું. હેયરૂપ જાણ્યું.

ભગવાનઆત્માને ઉપાદેયરૂપ જાણ્યો. પર્યાયને હેયરૂપ જાણી, એવું સવિકલ્પદશામાં પણ પરિણમન રહી જાય છે. જ્ઞાનનો સ્વભાવ જ આ છે. સમ્યગ્જ્ઞાનનો સ્વભાવ જ છે પર્યાયને હેયરૂપ જાણે અને સમ્યગ્જ્ઞાનનો સ્વભાવ છે આત્માને ઉપાદેયરૂપ જાણે. સમ્યગ્જ્ઞાનનું લક્ષણ છે. સમ્યગ્જ્ઞાનની પર્યાયનું લક્ષણ છે. સમ્યગ્જ્ઞાનની પર્યાયનું લક્ષણ, પહેલા અનુભવકાળમાં તો ઉપાદેયરૂપ આત્માને જાણ્યો પછી વ્યવહાર સવિકલ્પદશામાં આવ્યો, બારમી ગાથામાં વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. તેનો અર્થ શું છે? કે હેયરૂપ જાણે છે, ઉપેક્ષારૂપ જાણે છે. તે મારુ સ્વરૂપ નથી. પર્યાય મારી નથી. પર્યાયમાં હું નથી. આહાહા!

જે પર્યાયમાં આત્મા અભેદ થાય છે. તે પર્યાય મારી.. થોડું સૂક્ષ્મ છે. સાચું છે. જે પર્યાયમાં આત્મા અભેદરૂપ જાણનહાર છે તે પર્યાય મારી, જે પર્યાયમાં અભેદરૂપ આત્મા ઉપયોગાત્મક જાણવામાં ન આવે અને ઉપયોગાત્મક રાગાદિ જાણવામાં આવે તે પર્યાય મારી નથી. એટલા માટે તેમાં હેયબુદ્ધિ રહે છે. સૂક્ષ્મ છે થોડીક વાત. સવિકલ્પદશા છે, રાગાદિ દેવ-ગુરુ-શાસ્ત્ર જ્ઞાનમાં જણાય છે, તેનું અવલંબન તો નથી. છતાં તે જણાય છે. તે જણાય છે ને એટલે વ્યવહાર છે. જે જ્ઞાનમાં અભેદપણે આત્મા જણાય તે જ્ઞાનની પર્યાયનો નિશ્ચય છે. ભલે પરિણતિમાં અભેદરૂપ જાણવાનું ચાલુ છે પણ નિર્વિકલ્પ ધ્યાનમાં જે અભેદ થઈને જાણવાનું છે તેવું નથી એ છૂટી ગયું છે. એટલે તે પર્યાયનો વ્યવહાર ઊભો થયો, વ્યવહાર ઊભો થયો તે સવિકલ્પમાં જ ઊભો થાય છે. નિર્વિકલ્પ ધ્યાનમાં પર્યાયનું લક્ષ જ નથી, પર્યાય જણાતી જ નથી ને, આહાહા! અને જણાય છે તો અભેદભાવે

જણાય છે ને? ભેદભાવે જણાતી નથી.

આનંદ પ્રગટ થયો તે આનંદને પ્રગટને પર્યાય તરીકે નથી જાણતી આનંદ એ તો આત્મા છે. આત્મામય છે, આ જ્ઞાનમય, આનંદમય આત્મા તે જ મારા જ્ઞાનમાં જ્ઞેય થાય છે. આખો આત્મા આનંદરૂપે પરિણમે એવો આત્મા જ્ઞાનમાં જ્ઞેય થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર જ્ઞાનમાં જ્ઞેય થતાં નથી, રાગ જ્ઞાનમાં જ્ઞેય થતું નથી.

મુમુક્ષુ:- આનંદનો ભેદ જણાતો નથી.

ઉત્તર:- પછી રાગ તો ક્યાંથી જણાય? દેવ-ગુરુ-શાસ્ત્ર ક્યાંથી જણાય? આહાહા! આ શ્રેણીમાં આવું થાય. એનું નામ શ્રેણી છે.

મુમુક્ષુ:- ગ્રહણ કરે તે પણ ચારિત્ર નહીં?

ઉત્તર:- નહીં, ચારિત્ર નહીં. આહાહા! ચારિત્રની પર્યાય આત્મામાં ઠરે છે, લીન થાય છે તે ચારિત્રની પર્યાય નથી. એ તો વિકલ્પ ઉઠયો એટલો, નિશ્ચય ચારિત્રની પર્યાય નિશ્ચય ક્યાં થયો એમાં? એ તો ચારિત્રની પર્યાય આત્મારૂપ થઈ જાય.

મુમુક્ષુ:- જેવો આત્મા ગ્રહણ-ત્યાગથી શૂન્ય છે, અપોહક છે તેવા અપોહકને જ અનુભવવાનો, પર્યાય પણ પોતે અપોહક સ્વરૂપે...

ઉત્તર:- પર્યાય અપોહક. દ્રવ્ય તો અપોહક હતું. પર્યાય અપોહક, પરના અભાવ સ્વભાવે પર્યાય છે. પરના અભાવ સ્વભાવે. એટલે પરનો ત્યાગ કરે એવો પણ આત્મામાં સ્વભાવ નથી પર્યાયમાં. એવી પર્યાય પ્રગટ થાય છે. અને પર્યાય આત્માને ગ્રહે છે એ પણ નહીં. આત્મામાં લીન થાય છે એમ પણ નથી. આત્મામાં લીન ન થાય તે પર્યાય નિશ્ચય છે, લે! નથી નથી આવે છે ને? તે.

મુમુક્ષુ:- લીનતાનો વિકલ્પ નહીં લીન જ છે.

ઉત્તર:- લીન જ, લીનમય થઈ ગયો. તે રૂપ! બસ. થઈ ગયો તે રૂપ થઈ ગયો. પર્યાય આત્મામય આત્મારૂપ થઈ જાય છે. આહાહા! આત્મા અને પર્યાય જુદાઇ દેખાતી નથી, જુદાઇ હોવા છતાં અભેદમાં ભેદ દેખાતો નથી. આહા!

મુમુક્ષુ:- અભેદમાં અભેદ જ દેખાય છે.

ઉત્તર:- હા, અભેદમાં અભેદ. અભેદ અનુભવ. અભેદ જાણનહાર, અભેદ જાણનહાર, અભેદ જાણનહાર.

મુમુક્ષુ:- અભેદ જાણનહાર અભેદ જાણનહાર.

ઉત્તર:- અભેદ જાણનહાર એવું સ્વરૂપ છે. તેનું નામ નિર્વિકલ્પધ્યાન છે.

મુમુક્ષુ:- દ્રવ્ય તો અપોહક હતું પણ પર્યાય અપોહક થઈ ગઈ.

ઉત્તર:- થઈ ગઈ. ચારિત્રની પર્યાયનું સ્વરૂપ જ અપોહક સ્વરૂપે છે. તે રાગને ત્યાગ કરે ત્યારે ચારિત્રની પર્યાય પ્રગટ થાય છે તેમ નહીં. એ આત્માનું ભેદથી અવલંબન લ્યે તે ચારિત્રની પર્યાય નથી. એ અભેદભાવે પરિણમન થઈ જાય છે તેનું નામ ચારિત્રની પર્યાયનો નિશ્ચય છે. રાગને છોડે ત્યારે વીતરાગતા થાય છે તેમ નથી. આત્માને ભેદથી અવલંબન કરે છે તેનું નામ વીતરાગતા નથી. અભેદભાવે પરિણમે છે તેનું નામ વીતરાગપર્યાય તે પર્યાયનું નામ ચારિત્રની પર્યાયનો નિશ્ચય છે,

એકલી વીતરાગતા નીતરે છે. તેમાં રાગનો અંશ બિલકુલ નથી. આહાહા!

રાગનો એણે ત્યાગ કર્યો નથી અને સ્વરૂપનું ગ્રહણ કર્યું નથી, સ્વભાવમય થઈ ગઈ, તેનું નામ ચારિત્રની પર્યાય નિશ્ચય છે. આહા!

મુમુક્ષુઃ- તે તો ચારિત્રની મૂર્તિ છે.

ઉત્તરઃ- બસ. ચારિત્રની મૂર્તિ. નીચે સ્વાધ્યાય કર્યો હતો ને? આહાહા! પર્યાયનો નિશ્ચય તો તેનું નામ કે ત્રિકાળીનું અવલંબન, બસ. અને અવલંબનના અવલંબન દેનાર-લેનાર તેનો ભેદ પણ નથી. ભેદ પડે ત્યાં સુધી સ્વ-સ્વામી સંબંધનો વ્યવહાર સાધ્યની સિદ્ધિ તેમાં નથી.

મુમુક્ષુઃ- સાધ્યની સિદ્ધિ નથી.

ઉત્તરઃ- વિકલ્પ ઊભો થયો, તે તો વિકલ્પ છે. વિકલ્પ તે ચારિત્ર નથી. ચારિત્રનો વિકલ્પ, ચારિત્રની પર્યાયનો વિકલ્પ તે ચારિત્ર નથી. ચારિત્રની પર્યાયનો વિકલ્પ ઉઠે કે આનું નામ ચારિત્ર કહેવાય તે ચારિત્ર નથી.

મુમુક્ષુઃ- આત્માને ગ્રહણ કરનારો વિકલ્પ છે તે પણ ચારિત્ર નથી.

ઉત્તરઃ- ચારિત્ર નથી. આહાહા! અભેદ જાણનહાર, બસ. અભેદ લીનતા, અભેદ ઠરવું. બસ. બધામાં અભેદ. પર્યાયથી અભેદ લઈ લેવું. ત્યારે ચારિત્રની પર્યાયનો નિશ્ચય કહેવાય. જ્ઞાનની પર્યાયનો નિશ્ચય. જ્ઞાનની પર્યાય, દર્શનની પર્યાય, ચારિત્રનો નિશ્ચય એટલું જ, જ્ઞાયક તો જ્ઞાયક. અપોહક તો અપોહક. જો, દ્રવ્ય-પર્યાયનો ભેદ નીકળી જાય છે અનુભવના કાળમાં. એ દ્રવ્ય છે તે પર્યાયથી નિરપેક્ષ રહ્યા જ કરે છે અને પર્યાય પરથી નિરપેક્ષ થયા કરે છે. દ્રવ્ય છે તે તો પર્યાયથી નિરપેક્ષ રહ્યા કરે છે અને જે શુદ્ધિની વૃદ્ધિ થયા કરે છે તે પરથી નિરપેક્ષ થઈને અંદરમાં ડૂબી જાય છે. પરથી નિરપેક્ષ છે. પરનું અવલંબન બિલકુલ તેને છે જ નહીં. પરની સાથે તેને સંબંધ જ નથી, નિશ્ચયની પર્યાયને પરની સાથે સંબંધ હોય નહીં.

મુમુક્ષુઃ- પોતાની સાથે પણ સંબંધનો વિકલ્પ છે નહીં

ઉત્તરઃ- નથી વિકલ્પ.

મુમુક્ષુઃ- તો પરની સાથે સંબંધની વાત પણ ક્યાં રહી?

ઉત્તરઃ- ક્યાંથી હોય? આહાહા! આખા સમયસારમાં એક જ વાત છે આત્માનું અવલંબન, ભુતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન, ભુતાર્થને આશ્રયે ચારિત્ર. ભુતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન અને પરને આશ્રયે ચારિત્ર એ કોઈ દિવસ હોય? ત્રણેય પર્યાયને વિષય એક જ છે. બધી પર્યાયનો વિષય એક જ છે. એનું નામ નિશ્ચય, પર્યાયનો નિશ્ચય છે.

દ્રવ્યનો નિશ્ચય હાથમાં આવે પણ પર્યાયનો નિશ્ચય હાથમાં આવવો બહુ મુશ્કેલ છે. કેમકે સ્વ-પર પ્રકાશક કાં શલ્ય રહી જાય અને કાં ચારિત્રની પર્યાય એને કહેવાય કે સાથે વ્યવહાર હોય તો ચારિત્રની પર્યાય કહેવાય. વ્યવહાર વિનાની ચારિત્રની પર્યાય ન હોય. નિશ્ચય ચારિત્રની પર્યાય હોય ત્યાં વ્યવહાર ચારિત્ર હોય તો નિશ્ચય ચારિત્ર ટકે. ભૂલ છે મોટી. મોટી ભૂલ છે. એ વ્યવહારથી નિરપેક્ષ છે ચારિત્રની પર્યાય. વ્યવહાર, હા વ્યવહાર ચારિત્ર છે તો નિશ્ચય ચારિત્ર છે તેમ નથી. એને આત્માનું અવલંબન છે માટે ચારિત્ર છે.

અહિયાં વ્યવહાર ચારિત્ર પાંચ મહાવ્રત છે માટે નિશ્ચય ચારિત્ર છે એમ નથી. એ તો બધા વ્યવહારના કથનો જાણવા માટે આવેલા છે. જો તમે એમ કહેશો કે પાંચ મહાવ્રત હોય તો નિશ્ચય ચારિત્ર હોય તો સ્વરૂપના અનુભવમાં પાંચ મહાવ્રતનો અભાવ છે. તેના સદભાવમાં કે અભાવમાં તેને આત્માનું જ અવલંબન છે તેને ચારિત્રની પર્યાય કહેવાય. તેનો સદભાવ હો કે તેનો શ્રેણીમાં અભાવ છે. શ્રેણીમાં પાંચ મહાવ્રતનો વિકલ્પ નથી છતાં ચારિત્રનો સદભાવ છે. તો પછી ઓના આશ્રયે ચારિત્ર નિશ્ચય રહે છે તે ક્યાં રહ્યું? એ છે તો આ છે? એમ છે નહીં.

ચારિત્રની પર્યાય વ્યવહાર ચારિત્રની પર્યાયથી નિરપેક્ષ છે. પહેલી વાત તો આવી પરથી નિરપેક્ષ. પરથી આ વ્યવહાર ચારિત્રથી નિરપેક્ષ ચારિત્રની પર્યાય અને દ્રવ્યથી સાપેક્ષ છે. આહા! કેમકે જ્ઞેય લેવું છે ને? એટલે દ્રવ્યથી સાપેક્ષ હોય પર્યાય. દ્રવ્ય લેવું છે? જ્ઞેય લેવું છે ને?

મુમુક્ષુઃ- દ્રવ્યથી સાપેક્ષ છે.

ઉત્તરઃ- હં, સ્વદ્રવ્યથી (સાપેક્ષ). કેમકે સ્વદ્રવ્યના આશ્રયે અને એ આત્મા જ થઈ જાય છે. એ પોતે આત્મા છે. આહાહા! એ ભેદ છે ને ત્યાં સુધી અનાત્મા છે, પરદ્રવ્ય છે. આહા! ભાઈ! આ વ્યવહારનો પક્ષ છૂટવો બહુ મુશ્કેલ, બેન! એવી વાતો પણ ઘણી આવે. સ્વચ્છંદી થતો હોય તો સવિકલ્પ દશામાં નિશ્ચયપૂર્વક તેનો વ્યવહાર અનુકૂળ વ્યવહાર હોય. તે પતંગ ન ઉડાડતો હોય મુનિ. મુનિ પતંગ ન ઉડાડે. કેમકે તે તો અનુકૂળ વ્યવહાર નથી. તેથી તેને એવો જ વિકલ્પ થાય છે કે જે નિશ્ચયને અનુકૂળ વિકલ્પ, પણ નિશ્ચયને અનુકૂળ વિકલ્પ છે તો નિશ્ચય ચારિત્ર ટકે છે તેમ નથી. તે ટકે છે તો દ્રવ્યનું અવલંબન લ્યે છે તો ટકે છે. હં..

સવિકલ્પ દશામાં પણ ચારિત્ર નિશ્ચય પ્રગટ તો છે જ. ટકે છે, દ્રવ્યના અવલંબનથી ટકે છે. અનુકૂળ નિમિત્ત છે તો ઉપાદાન કાર્ય કરે છે તેમ નથી બિલકુલ. ઉપાદાન કાર્ય કરે છે તો બાહ્યમાં અનુકૂળ નિમિત્ત હોય છે. તે બધુ સમજાવ્યું હતું તમારા પંડિત આવ્યા ત્યારે, સમજાવ્યું હતું, સિકોહાબાદ. ખુશ થઈ ગયા. ચાલીસ વર્ષે સમાધાન થયું, કહે. અનુકૂળ નિમિત્ત છે તો અહીં છે, એમ ક્યાંથી લાવ્યો? તે તો તે જ રહી નિમિત્તાધીન દ્રષ્ટિ. નિમિત્ત છે કોણ ના પડે છે. પાંચ મહાવ્રત છે, ૨૮ મૂળગુણ છે. પંચમ ગુણસ્થાને વ્રત છે, ૧૧ પડીમાં છે. છે તો અહીં છે એમ નથી બિલકુલ. પર્યાય વ્યવહારથી નિરપેક્ષ છે. નિશ્ચયની પર્યાય વ્યવહારથી નિરપેક્ષ છે અને દ્રવ્યથી સાપેક્ષ છે. પરથી નિરપેક્ષ એટલે આ વ્યવહારથી નિરપેક્ષ છે. આહાહા!

શું આ સંતોની વાણી! ગજબની વાણી છે. છે તેને કોણ ના પાડે છે? છે તો છે, પણ આ છે, પાંચ મહાવ્રત છે તો ભાવલિંગીપણું છે તેમ નથી. કેમકે પાંચ મહાવ્રત તો નિરતીચારપણે દ્રવ્યલિંગી પાળતા... પાળે છે છતાં તેમાં નિયમ ન રહ્યો. આ છે તો આ છે તેવો નિયમ નથી અને આત્માને આશ્રયે ચારિત્ર થાય, થાય ને થાય જ. તે નિયમ છે. આહાહા! તો તો દ્રવ્યલિંગી મુનિ, પર્યાયનો નિશ્ચય ઉપર કોઈનું વજન જાતું નથી અને પર્યાયના વ્યવહારની વાતું કરે છે.

મુમુક્ષુઃ- સાહેબ! સાચું કહું? આ પર્યાયના નિશ્ચયની વાત આપના શ્રીમુખે સાંભળી, હું તો સાચું કહું છું. દ્રવ્યના નિશ્ચયની વાત તો સાંભળી છે. .

ઉત્તરઃ- (દ્રવ્યના નિશ્ચયની વાત) સાંભળી છે, વાત સાચી છે.

મુમુક્ષુઃ- પણ પર્યાયના નિશ્ચયની વાત આપના શ્રીમુખે જ સાંભળી.

મુમુક્ષુઃ- ખરેખર આ શબ્દો જ. સમ્યગ્દર્શન તે આત્મા, તે બધી વાત પણ આ પર્યાયનો નિશ્ચય છે તે વાત તો સ્પેશ્યાલિટી છે આપની, સાહેબ! બિલકુલ. અત્યાર સુધીમાં. મૌલિક, મૌલિક છે આપનું.

ઉત્તરઃ- બીજા પણ કહે છે. વાત સાચી છે. ભાઈ કહે છે એમ બીજાએ કહ્યું. પર્યાયનો નિશ્ચય તે વાત શબ્દ જ આખો તમારી પાસેથી આવ્યો. આમાં લખ્યું હતું પણ ધ્યાન ખેચાણું નહીં. નહિંતર આમાં તો છે.

મુમુક્ષુઃ- હા, દીવા જેવું છે.

ઉત્તરઃ- દીવા જેવું છે. પર્યાયના નિશ્ચય વિના દ્રવ્ય સ્વભાવનો અનુભવ નહીં થાય. પર્યાયના વ્યવહારમાં કાં પરને જાણું છું અને કાં સ્વપર બેયને જ્ઞાન જાણે છે તે બે વ્યવહાર છે. તે વ્યવહારના પક્ષમાં, આહાહા! ખરેખર તો જ્ઞાન બિડાય છે. પક્ષમાં જ્ઞાન બિડાય છે અને વ્યવહારમાં જ્ઞાન રોકાય છે. કેવળજ્ઞાન ન થાય. ભલે સાધક હોય. સમજી ગયા?

મુમુક્ષુઃ- પક્ષમાં જ્ઞાન બિડાય છે અને વ્યવહારમાં જ્ઞાન રોકાય છે.

ઉત્તરઃ- રોકાય છે. વિકાસ નથી થતો. વિકાસ ન થાય. વિકાસ તો સ્વ આશ્રયે જ થાય.

મુમુક્ષુઃ- નિશ્ચયમાં જ વિકાસ.

ઉત્તરઃ- બસ. નિયમ. આત્માઆશ્રિત વિકાસ હોય. પ્રગટતા પણ આત્મા આશ્રયે અને વૃદ્ધિ પણ આત્મા આશ્રયે, એમ. પછી સાધક વ્યવહારને ઓળંગીને અંદરમાં જાય છે ત્યારે કેવળજ્ઞાન થાય છે. વ્યવહારમાં રહે ત્યાં સુધી વિકાસ ન થાય. કેવળજ્ઞાન ન આવે, શ્રેણી નથી આવતી ને. શ્રેણી નથી આવતી. શ્રેણી ક્યાં આવે છે. શાસ્ત્ર વાંચ્યા કરે ને વિચાર કર્યા કરે, ચિંતવન કર્યા કરે, આમ જોઈને ચાલ્યા કરે. શ્રેણી ન આવે. લીન થઈ જાય ખલાસ! બધી પર્યાય, આહાહા! અભિમુખ થઈ જાય બધી પર્યાય.

આ તો એક દ્રષ્ટાંત આપું છું. હોં! દ્રષ્ટાંત તો .. એમાંથી ન્યાય ખેંચવો. બીજો કોઈ એનો અર્થ ન ઘટાવવો કોઈએ. દ્રષ્ટાંત આપું છું. તમે ૯૬૦૦૦ સ્ત્રીને પૂછો તમારો પતિ કોણ? ચક્રવર્તી. ૯૬૦૦૦ સ્ત્રી એમ કહેશે કે અમારો પતિ ભરત મહારાજા છે. હેં! એમ, અનંતગુણની અનંત પર્યાય એને પૂછો કે તમને કોનું અવલંબન છે? એકનું અવલંબન છે. પૂછી લ્યો! આ જ જવાબ આપશે બધી પર્યાય.

મુમુક્ષુઃ- એમ જ આપે ને? સતી સ્ત્રી બીજો જવાબ આપે?

ઉત્તરઃ- અવલંબન એકનું જ છે. આહા!

મુમુક્ષુઃ- સાંગોપાંગ છે દ્રષ્ટાંત.

ઉત્તરઃ- સાંગોપાંગ છે. આહા! જ્ઞાનને પૂછો તમારો સ્વામી કોણ? આત્મા. ચારિત્રને પૂછો તમારો સ્વામી કોણ? આત્મા. સુખની પર્યાય, અનાકુળ આનંદની પર્યાય પ્રગટ થઈ તેને પૂછો તમારો સ્વામી કોણ? આત્મા છે. એક જ તમારો સ્વામી? કે હા એક જ સ્વામી છે. અનંતગુણની અનંત પર્યાયનો સ્વામી એક. ઓલો ૯૬૦૦૦ નો સ્વામી એક. એમ અનંતગુણ, અનંત પર્યાય તેનો સ્વામી? પર્યાય અનંત અને સ્વામી એક. તેનો સ્વ-સ્વામીસંબંધ એકની સાથે છે. જ્ઞાનની પર્યાયનો સ્વ-સ્વામીસંબંધ એકની સાથે. દર્શનની પર્યાયનો સ્વ-સ્વામીસંબંધ, ચારિત્રની પર્યાયનો, આ બાજુથી ચારિત્રની પર્યાય

આવી, આ બાજુથી જ્ઞાન, આ બાજુથી દર્શન, આ બાજુથી સુખ. બધી પર્યાયનો સ્વ-સ્વામીસંબંધ, આહાહા! એક જ્ઞાયકભાવ સાથે છે. એ જ બધી પર્યાયનો નિશ્ચય છે. જેનો સ્વ-સ્વામીસંબંધ જ્ઞાયકની સાથે છે તેનું નામ પર્યાયનો નિશ્ચય છે. અવલંબન એકનું જ હોય. ચાલો.

**વળી એવી જ રીતે અપોહક** એટલે **(ત્યાજક, ત્યાગ કરનાર)**. ત્યાગ કરનાર નથી. સમજાવે છે. ત્યાગ કરનાર. અપોહક છે ને? અપોહક જ્ઞાયક. એટલે જાણનાર. એનો અર્થ કરે છે જાણનાર. સમજી ગયા? તેમ અપોહક ત્યાગ કરનાર, એમ. (તેના) **વિષે કહેવામાં આવે છે:- આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે.** આહાહા! એ દ્રવ્યનો સ્વભાવ જ શ્વેતગુણથી ભરેલો છે. શ્વેતગુણથી અનન્ય છે તે. ભીંતથી ખડી અનન્ય નથી. **ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વેત્ય છે.** ભીંત ઉપર ખડી લાગી તો ખડીએ ભીંતને સફેદ કરી તેમ લોક વ્યવહારથી કહેવામાં આવે છે. લોક વ્યવહાર છે એ. સાચો વ્યવહાર નથી. **(અર્થાંત ખડી વડે શ્વેત કરાવાયોગ્ય પદાર્થ છે). હવે, શ્વેત કરનારી ખડી**, કરનાર ખડી અને થનાર ભીંત, શ્વેત થનાર ભીંત. સમજી ગયા? શ્વેત કરનાર તો ખડી, ચૂનો અને કાળી હતી ભીંત, એને સફેદ કરનાર કોણ? સફેદ કરનાર ખડી અને સફેદ થનાર કોણ? કે ભીંત. તે સો ટકા ખોટી વાત છે. ડબામાં હોય તો પણ ખડી સફેદ, ભીંતમાં લાગે તો પણ ખડી સફેદ, ભીંત જેવી છે તેવી છે. આહા!

મુમુક્ષુ:- બિલકુલ સફેદ નહીં, કાળી તે કાળી જ છે. એક ટકો પણ સફેદ થઈ નથી.

ઉત્તર:- **શ્વેત કરનારી ખડી શ્વેત કરાવાયોગ્ય જે ભીંત-આદિ**. ભીંત સફેદ થઈ ને? વ્યવહારીજનો કહે છે કે ભીંત સફેદ થઈ ગઈ. સમજી ગયા? વ્યવહાર ભાષા, અજ્ઞાનની ભાષા, તે લોક ભાષાથી સમજાવે. **ભીંત-આદિ પરદ્રવ્યો તેની છે કે નથી?** આહા! તે ખડી ભીંતની થઈ ગઈ કે નહીં? ભીંતને ખડી ચોંટી કે નહીં? અને ભીંતને ચોંટતા ભીંત સફેદ થઈ ગઈ તો ખડી સફેદ ન રહી. ડબ્બામાં હતી ત્યાં સુધી ખડી સફેદ અને ભીંતમાં લાગી ખડી ચૂનો ત્યારે ભીંત સફેદ. તો ભીંત સફેદ કહેવામાં આવે ત્યારે ચૂનો સફેદ ગાયબ થઈ ગયો. ચૂનો સફેદ રહ્યો નહીં ને? ખડી ક્યાં સફેદ રહી? ભીંતને સફેદ માને એ ચુનાનું અસ્તિત્વ ન રહ્યું.

મુમુક્ષુ:- ગાયબ થઈ ગયું.

ઉત્તર:- હા, ગાયબ થઈ ગયું. તેનો નાશ થઈ ગયો ચૂનાનો. પરદ્રવ્ય તેની છે કે નહીં, એટલે પરદ્રવ્યને સફેદ કરે છે કે નહીં ચૂનો? આહાહા! જો સફેદ કરે તો એની થઈ જાય. પોતાના સ્વભાવને ચૂનો છોડે નહીં. એ તો સ્વભાવ સફેદ ગુણથી ભરેલો એનો સ્વભાવ છે. ભીંતે ચોંટે કે ડબ્બામાં હોય કે જ્યાં હોય ત્યાં એ તો સફેદ ગુણથી ભરેલો પદાર્થ છે. આહાહા!

મુમુક્ષુ:- ભીંતના સદભાવમાં કે ભીંતના અભાવમાં!

ઉત્તર:- (ભીંતના સદભાવમાં કે ભીંતના) અભાવમાં. ડબ્બાના સદભાવમાં કે ભીંતમાં ચોંટી હોય ત્યારે સફેદ તો ખડી. ખડી સફેદ છે, ભીંત ક્યારેય ખડીરૂપ થતી જ નથી. સફેદ થાય જ નહીં. કાળી ભીંત સફેદ ક્યાંથી થાય? **વિચારવામાં આવે છે:- જો ખડી ભીંત-આદિની પરદ્રવ્યની હોય તો**, એટલે કે ભીંતને સફેદ કરે તો? એમ. **પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ. જેનું જે હોય તે તે જ હોય**. મહા સિદ્ધાંત. જેનું જે હોય તે તે જ હોય. એમ. તે તે જ હોય.

મુમુક્ષુઃ- જેનું જે હોય..

ઉત્તરઃ- જેનું જે હોય તે તે જ હોય. **જેમ**, દ્રષ્ટાંત આપે છે. આ વાક્ય ન સમજી શકે. આ વાક્યને સમજવા માટે આત્માનું દ્રષ્ટાંત. આહા! આત્માનું પણ દ્રષ્ટાંત છે અહિયાં.

મુમુક્ષુઃ- ખડીને સમજાવવા.

ઉત્તરઃ- ખડીને સમજાવવા. ખડીનું સ્વરૂપ સમજાવવા આત્માનું દ્રષ્ટાંત આપ્યું. એને તો આત્મા જ દેખાય છે, બીજું કાંઈ દેખાતું જ નથી. સંતોને..

મુમુક્ષુઃ- આત્મા જ દેખાય છે માટે તો સંત છે.

ઉત્તરઃ- માટે તો સંત છે. **જેમ આત્માનું જ્ઞાન હોવાથી**, જેમ એટલે જેવી રીતે આત્માનું જ્ઞાન, થવાથી લખ્યું નથી. આત્માનું જ્ઞાન હોવાથી ત્રણેય કાળ. ત્રણેય કાળ જ્ઞાન આત્માનું જ હોય. કેમકે પરલક્ષ અભાવાત. આત્માનું જ્ઞાન હોવાથી, આત્માનું જ્ઞાન થવાથી નથી લખ્યું. આત્માનું જ્ઞાન થવાથી તો એનો અર્થ એમ થયો કે પહેલા આત્માનું જ્ઞાન નહોતું ને પછી આત્માનું જ્ઞાન થયું. મર્મ છે. આત્માનું જ્ઞાન થવાથી, આત્માનું જ્ઞાન થાય નહીં. આત્માનું જ્ઞાન હોય.

આત્માનું જ્ઞાન થાય નહીં પણ આત્માનું જ્ઞાન હોય છે. **આત્માનું જ્ઞાન હોવાથી**, જ્ઞાન હંમેશા આત્માનું જ હોય. તે આત્માને જ પ્રસિદ્ધ કરે છે, બાળગોપાલ સહુને ભગવાનઆત્મા જણાય છે. સમજાણું? આત્માનું જ્ઞાન હોવાથી, આત્માનું જ્ઞાન થતું જ નથી. કોઈ પરમાર્થવાદી કહે કે આત્માનું જ્ઞાન થતું નથી, આત્માનું જ્ઞાન તો ત્રણેય કાળ હોય છે. તો કહો શું દોષ છે? કાંઈ દોષ નથી. આહાહા! એ જ્ઞાનને સમ્યગ્જ્ઞાનનું વિશેષણ (આપો તો) તેમાં અતિવ્યાપ્તિ દોષ આવે છે. સર્વ અવસ્થામાં સમ્યગ્જ્ઞાન હોતું નથી. અને જ્ઞાન ઉપયોગ તો સર્વ અવસ્થામાં હોય છે માટે આત્માનું જ્ઞાન હોવાથી જેમાં અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ, અસંભવ દોષ ન આવે. તેને આત્માનું લક્ષણ, જ્ઞાનનું લક્ષણ કહેવામાં આવે છે.

સમ્યગ્જ્ઞાન આત્માનું લક્ષણ નથી. અરે! અતીન્દ્રિયજ્ઞાન આત્માનું લક્ષણ? નહીં. કેવળજ્ઞાન? તો કહે નહીં. જ્ઞાન લક્ષણ છે.

મુમુક્ષુઃ- ઇન્દ્રિયજ્ઞાન?

ઉત્તરઃ- નહીં.

મુમુક્ષુઃ- મિથ્યાજ્ઞાન?

ઉત્તરઃ- નહીં. સમ્યગ્જ્ઞાન?

મુમુક્ષુઃ- નહીં. સમ્યગ્જ્ઞાનમાં હોવાથી લાગતું જ નથી.

ઉત્તરઃ- હં.... ઉપયોગમાં હોવાથી લાગે છે.

મુમુક્ષુઃ- અનાદિ અનંત ઉપયોગ સળંગ રહે છે.

ઉત્તરઃ- અને જ્ઞાન આત્માનું જ હોય છે તેમ જો ખ્યાલમાં આવે તો આત્મા તરફ વહ્યો જાય છે. શુદ્ધઉપયોગ થઈ જાય છે. પરનું જ્ઞાન કોઈ દિવસ હોય નહીં. જ્ઞાન પરનું કોઈ દિવસ થાય જ નહીં, પરથી જ્ઞાન થાય નહીં, પરનું હોય જ નહીં. સમયસાર તો સમયસાર જ છે. આહાહા! કોઈ દિવસ જ્ઞાન પરથી થાય નહીં અને પરનું હોય નહીં. જો પરનું હોય તો પર થઈ જાય.

**આત્માનું જ્ઞાન હોવાથી**, આહાહા! તેમાંય પાછું આત્મા શબ્દ લખ્યો. તેમાં શુદ્ધાત્મા લખ્યો નથી. **આત્માનું જ્ઞાન હોવાથી**, બસ આત્મા. શુદ્ધાશુદ્ધ વિશેષણ નહીં. છે તો શુદ્ધ જ, પણ શુદ્ધ અને અશુદ્ધ વિશેષણ ન લગાવ્યું. આત્મા સામાન્ય, સામાન્ય, સામાન્ય આત્મા.

મુમુક્ષુ:- સામાન્ય આત્માનું જ્ઞાન હોવાથી,

ઉત્તર:- સામાન્ય આત્માનું જ્ઞાન હોવાથી, એમ. કેમકે આત્મા સામાન્ય સ્વરૂપે છે. અનંતગુણનો પિંડ. આહા! આત્માનું જ્ઞાન હોવાથી. ત્રણેય કાળ જ્ઞાન તો આત્માનું જ હોય છે. બસ. જ્ઞાન રાગનું ન હોય, દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન ન હોય, દેવ-ગુરુ-શાસ્ત્ર મને જ્ઞાનમાં જણાય છે, ખોટી વાત છે. આહાહા! આ પર્યાયના નિશ્ચયની વાત ચાલે છે. કહેવી છે ચારિત્રના પર્યાયના નિશ્ચયની, અને અહિયાં આત્માનું દ્રષ્ટાંત, કેમકે જ્ઞાનથી સમજાય છે બધું. એટલે આત્માનું જ્ઞાન હોવાથી, આત્માનું ચારિત્ર હોવાથી નથી લખ્યું. સમજાય છે?

આત્માનું ચારિત્ર નવું પ્રગટ થાય છે અને આત્માનું જ્ઞાન તો અનાદિઅનંત થાય છે. બસ. સમજી ગયા બધા. એવું છે. આહાહા! જ્ઞાન વિનાનો આત્મા કોઈ ન હોય, ચારિત્ર વિનાનો હોય. ચારિત્ર સહિત હોય અને ચારિત્ર રહિત પણ આત્મા તો હોય. પણ જ્ઞાન રહિત કોઈ આત્મા ન હોય. નિગોદનો આત્મા પણ જ્ઞાન સહિત છે. **આત્માનું જ્ઞાન હોવાથી**, આહાહા! બોલો ખડીને સમજાવવા આત્માનું દ્રષ્ટાંત આપ્યું, હેં? સમજાવવી છે ખડી અહિયાં.

મુમુક્ષુ:- જડને સમજાવવા માટે ચેતનનું દ્રષ્ટાંત આપે છે.

ઉત્તર:- કેમકે આ જે છે ને અબાધિત છે. આત્માનું જ્ઞાન હોવાથી અબાધિત છે, ત્રણેય કાળ જ્ઞાન આત્માનું હોય, એમ. આત્માનું જ્ઞાન થાય છે તો તો જ્ઞાન પહેલા આત્મા જ્ઞાન વગરનો થઈ ગયો. એમ નથી. હવે આત્માનું જ્ઞાન થયું એમ. તો પહેલા આત્મા જ્ઞાન વગરનો હતો? એમ આવી જશે. તો જડ થઈ જશે. એક એક વસ્તુની કિંમત છે. "ઉપયોગો લક્ષણમ" બરાબર જ છે. આહાહા! **'જેનું જે હોય તે તે જ હોય, જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'** આહાહા! જ્ઞાનની પર્યાય તે આત્મા છે. જ્ઞાનગુણ ન લેવો અહિયાં. જ્ઞાનની જે પર્યાય છે પ્રગટ, બધાની પાસે પ્રગટ ઉપયોગ તે જ્ઞાન તે આત્મા જ છે. આહાહા!

મુમુક્ષુ:- આત્માનું છે ને માટે આત્મા જ છે.

ઉત્તર:- હં... ન્યાય એ જ છે. કે તે જ્ઞાન આત્માનું છે માટે જ્ઞાન તે આત્મા જ છે. ખટાશ લીંબુની હોવાથી ખટાશ તે લીંબુ જ છે. ગળપણ સાકરની હોવાથી ગળપણ તે સાકર જ છે. એમ. જ. આમાં પાછો જ લગાડ્યો છે. કે આમાં પર્યાય દ્રષ્ટિ નહીં થાય ને? પર્યાયને અહિયાં આત્મા જ કહ્યો છે ને? ઉપયોગને આત્મા કહ્યો છે. તને કાંઈ ખબર નથી, તને કાંઈ ખબર નથી. ભેદથી અભેદને સમજાવવો છે. તો ભેદ ઉપર લક્ષ કરીશ નહીં. ભેદ ઉપર લક્ષ કરીશ નહીં, જો જ્ઞાન તે આત્મા જ છે તો અભેદ અનુભવ થઈ જશે. અભેદ જાણનહાર, અભેદ જાણનહાર. ભાઈ! તું જો આ જ્ઞાનની પર્યાય ને પર્યાય ઉપર લક્ષ રાખીશ તો એ પર્યાય આત્મા નહીં થાય.

મુમુક્ષુ:- જ્ઞાન તે પર્યાય છે તેમ ક્યાં લખ્યું છે?

ઉત્તર:- તેમ ક્યાં લખ્યું છે? **જ્ઞાન તે આત્મા જ છે**. આહા! અભેદમાં ભેદ કરીને સમજાવે છે.

પણ અભેદમાં કાંઈ ટુકડા થતાં નથી. અભેદ જાણનહાર. એક વાર લઈ લ્યે કે જ્ઞાન તે આત્મા છે, જ્ઞાન તે આત્મા જ છે તો તેનું નામ અભેદ જાણનહાર છે. તેનું વાચ્ય આ છે. કેમકે જ્ઞાનને આત્મા કહેવો છે. જ્ઞાન-જ્ઞાન તે આત્મા જ છે. જુઓ! જ્ઞાન તે જ નથી લખ્યું. તે જ લખ્યું હોય તો દોષ લાગે.

મુમુક્ષુ:- જ્ઞાન તે જ આત્મા કહે તો પર્યાય આત્મા થઈ જાય.

ઉત્તર:- હં.. ઉપયોગ તે આત્મા નથી. **જ્ઞાન તે આત્મા જ છે** કેમકે તે આત્માના અનન્ય પરિણામ છે. તે આત્માથી અભેદ છે. માટે જ્ઞાન તે આત્મા જ છે. તેમાં અભેદ અનુભવ થઈ જાય છે. આમાં અભેદ અનુભવ થાય છે.

મુમુક્ષુ:- આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન અભેદ છે.

ઉત્તર:- અભેદ જ છે. તે ક્યાં જુદું પડે છે? સમજાવવા માટે ભેદ કરે છે બાકી જ્ઞાન કહો કે આત્મા કહો એક જ છે. આહાહા!

મુમુક્ષુ:- આમાંય જાણનારો જ જણાય છે.

ઉત્તર:- બસ. એ જ આવ્યું. જાણનારો જણાય છે, અભેદભાવે જણાય છે.

મુમુક્ષુ:- જાણનારો જણાય છે માટે હું જાણનાર જ છું.

ઉત્તર:- માટે જાણનાર છું. જાણનારો જણાય છે, જે જણાય છે જાણનારો માટે તે જાણનારો જ હું છું, એમ. જે જાણે છે તે નહીં, જણાય છે તે હું છું. પછી જાણનાર અને જણાય છે તેનો ભેદ રહેતો નથી, સમજાવવા માટે ભેદથી સમજાવે છે. આત્મા જ છે. **જ્ઞાન તે આત્મા જ છે**. આહાહા! કેમકે આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે. જો રાગનું જ્ઞાન હોય તો જ્ઞાન તે રાગ હોય. કોઈને રાગનું જ્ઞાન થાય જ નહીં અને આત્માનું જ્ઞાન છૂટે નહીં. બેન! કોઈને પરનું જ્ઞાન થાય જ નહીં અને આત્માનું જ્ઞાન છૂટે નહીં.

મુમુક્ષુ:- છૂટે તો પરનું જ્ઞાન થાય ને? છૂટતું જ નથી ને.

ઉત્તર:- છૂટતું જ નથી ને. છૂટે તો આત્મા જડ થઈ જાય.

મુમુક્ષુ:- સમયે સમયે આત્મા જ જણાય છે.

ઉત્તર:- પ્રત્યેક જીવને, પ્રત્યેક સમયે.

મુમુક્ષુ:- આત્માનું જ્ઞાન થઈ રહ્યું છે તેમાં આત્મા જણાય રહ્યો છે.

ઉત્તર:- જણાય રહ્યો છે માટે તે જ્ઞાનનું નામ આત્મા. તે જ્ઞાયક જણાય છે માટે તે જ્ઞાનને આત્મા કહ્યો. તે જ્ઞાનમાં રાગ જણાતો નથી જ્ઞાયક જણાય છે. કેમકે રાગમાં જ્ઞાન તન્મય નથી. તે ઉપયોગમાં તો ઉપયોગવાન તન્મય છે. ઉપયોગમાં તો ઉપયોગ છે, ઉપયોગમાં રાગ નથી માટે ઉપયોગ પણ આત્મા છે. ઉપયોગમાં ઉપયોગ છે માટે ઉપયોગ પણ આત્મા જ છે. અલૌકિક વાત છે. બાળગોપાળ સહુને આત્મા જણાય છે, બરાબર છે. કેમકે આત્માનું જ્ઞાન હોય છે. થાય છે લખ્યું નથી. થાય છે તો નવું થયું. હોય છે તો અનાદિનું છે. થાય છે તે તો નવું જ્ઞાન થાય અને હોય છે તો અનાદિનું છે. આહાહા! **જ્ઞાન તે આત્મા જ છે. આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી**, શું કહ્યું? તાત્ત્વિક. જ્ઞાન ને આત્માનો પરમાર્થ સંબંધ છે. તે છૂટી ન શકે. ઉપયોગ અને આ ઉપયોગવાન ભગવાનઆત્મા જ્ઞાયક તેનો તાત્ત્વિક, પારમાર્થિક, તાદાત્મ્ય સંબંધ છે. સંયોગ સંબંધ નથી. સ્વાભાવિકસંબંધ, તાત્ત્વિક

સંબંધ, પારમાર્થિક સંબંધ, તાદાત્મ્ય સંબંધ ટાળ્યો ટળે નહીં. જ્ઞાન અને આત્મા જુદા ન પડે, જેમ અગ્નિ અને ઉષ્ણતા જુદા નથી પડી શકતા તેમ જ્ઞાન અને આત્મા જુદા પડી શકતા નથી. તેને અભેદપણે જાણ તું, આહાહા!

**આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી**, આહા! જીવતો હોવાથી, અનાદિ-અનંત કે સંબંધ મરતો નથી કોઈ દિવસ, ટળતો નથી. ઉષ્ણતા અને અગ્નિ તેનો સંબંધ કોઈ દિવસ છૂટતો નથી, તેમ જ્ઞાન અને આત્માનો સંબંધ કોઈ દિવસ છૂટે નહીં. ભલે તું એમ કહે કે મને જ્ઞાન થતું નથી ને મને રાગ થાય છે તો પણ તે સંબંધ, આહાહા! તૂટતો નથી, છૂટતો નથી જીવંત છે એ તો. એ તો જીવંત છે. જીવતો છે. કોઈ કાળ એવો નહીં હોય કે જ્ઞાન ન થાય આત્માનું.

કોઈ કાળ એવો ન હોય કે આત્મા ન જણાય જ્ઞાનમાં. નિગોદીયા જીવને પણ જ્ઞપ્તિ છે તેથી જ્ઞાયક તેમાં જણાય છે. આહા! સ્વ-પર પ્રકાશક તેની અંદર શક્તિ છે, જણાય છે. **આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી**, જીવતો હોવાથી, આહા! વાસ્તવિક હોવાથી, **ખડી જો ભીંત-આદિની હોય તો**? હવે, સંબંધ તો-સંબંધ તો આત્માને અને જ્ઞાનને તાત્ત્વિક સંબંધ છે. એમ ખડીને અને ભીતને કાંઈ તાત્ત્વિક સંબંધ, પારમાર્થિક સંબંધ નથી. ખડીની સાથે સફેદને તાત્ત્વિક સંબંધ છે પણ ભીતની સાથે નથી. આહાહા! દ્રષ્ટાંત પણ સરસ!

કહેશે હવે જુઓ! **ખડી જો ભીંત-આદિની હોય** એટલે ભીંતને સફેદ કરતી હોય **તો ખડી તે ભીંત-આદિ જ હોય**, "જે જેનું હોય તે તે જ હોય". **(અર્થાત ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ); એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.** ખડી જો ભીંતને સફેદ કરે અને તે સંબંધ તાત્ત્વિક અને પારમાર્થિક લાગે તો ખડીનો નાશ થાય. આહાહા! જ્ઞાનમાં જણાય છે જ્ઞાયક અને તું માન મને રાગ જણાય છે, આહાહા! જ્ઞાનનો નાશ થઈ ગયો. મિથ્યાજ્ઞાન થઈ ગયું. **ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિ જ હોય. અર્થાત ખડી ભીંત-આદિ સ્વરૂપ જ હોવી જોઈએ; એમ હોતાં ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.** ઉચ્છેદ થઈ ગયો, નાશ થઈ ગયો. ખડી જો ભીંતરૂપે થઈ ગઈ તો ખડીનું અસ્તિત્વ રહેતું નથી, કેમકે તું કહે છે કે ભીંત સફેદ છે. કોઈ પૂછે છે કે આ શું છે? ભીંત કેવી છે? કે સફેદ. હવે સફેદ ગુણથી ભરેલું તો ખડીનું દ્રવ્ય છે અને તે ભીંતને સફેદ કહી. તો ખડી રહી નહીં. ખડીનો નાશ થઈ ગયો. તારી દ્રષ્ટિમાંથી ખડી ગાયબ થઈ ગઈ, આહાહા! મોટી ભૂલ છે.

ભીંત સફેદ છે એમ કહેવામાં ખડીનો નાશ થયો. એમ જ્ઞાન પરદ્રવ્યને જાણે છે તેમાં જ્ઞાનનો નાશ થયો. કેમકે જ્ઞાનમાં તો જ્ઞાયક જણાય છે અને તે કહ્યું આ જણાય છે. બહુ ભાઈ! બેન! ઊંચી વાત છે. આહાહા! કાંઈ સાધારણ વાત નથી. આહાહા! જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે, સફેદપણું તો ખડીનું હતું તેને બદલે સફેદ ભીંત દેખાય છે. તો જ્ઞાનમાં રાગ જણાય છે, જ્ઞાનમાં રાગ જણાય છે, જ્ઞાનમાં રાગ જણાય છે, તો જ્ઞાનમાં જણાય છે તો તને આત્મા કેમકે તે જ્ઞાન તો આત્માનું છે, તે જ્ઞાન આત્માનું હોવાથી છતાં તું એમ માને છે કે આ રાગનું મને જ્ઞાન થયું, રાગનું જ્ઞાન થયું, રાગનું જ્ઞાન થયું તો આત્માનું જ્ઞાન અસ્ત થઈ ગયું. આત્માનું જ્ઞાન અસ્ત થઈ જાય છે. પ્રભુ! આ સાધારણ વાત નથી. હું પરને જાણું છું, (તે) મોટું પાપ છે. અધ્યવસાન કહ્યું છે તે યથાર્થ છે. સ્વભાવમાંથી ચ્યુત થઈ ગયો તે આત્મા.

**એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ સ્વદ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.** એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે ન થાય. એ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દેખીને કહેવામાં આવ્યું છે તે સાચું નથી. એમ માનજે. **કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.** ૧૦૩ ગાથામાં. ૧૦૩ ગાથા છે સમયસારની તેમાં એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે સંક્રમણ પામતું નથી તો એક દ્રવ્ય બીજા દ્રવ્યને શું કરે? તે ન્યાય આપ્યો છે તેનો આધાર આપે છે પોતે. માટે એ સિદ્ધ થયું કે ખડી ભીંત-આદિની નથી એટલે ભીંતને સફેદ કરતી નથી. ભીંતને સફેદ કરતી નથી.

મુમુક્ષુ:- પોતે સફેદ રહે છે.

ઉત્તર:- પોતે સફેદ રહે છે.

મુમુક્ષુ:- સફેદને પ્રસિદ્ધ કરે છે.

ઉત્તર:- સફેદને પ્રસિદ્ધ કરે છે. સફેદ ખડીને પ્રસિદ્ધ કરે છે. સફેદ ભાગ ભીંતને પ્રસિદ્ધ કરતો નથી. સફેદ પર્યાય ભીંતને પ્રસિદ્ધ કરતી નથી પણ સફેદ પર્યાય તે ખડીને પ્રસિદ્ધ કરે છે. ત્યાં ખડી છે. પહેલા ચુનામાં હતી હવે ત્યાં છે, ક્ષેત્ર બદલ્યું ભાવ નથી બદલતો.

મુમુક્ષુ:- તે તો તેના સ્વક્ષેત્રમાં જ છે.

ઉત્તર:- સ્વક્ષેત્રમાં છે. ડબ્બામાં હતી ત્યારે સ્વક્ષેત્રમાં અને ભીંત ઉપર ગઈ ત્યારે પણ તેના સ્વક્ષેત્રમાં. તો તે સફેદપણું ખડીને પ્રસિદ્ધ કરે છે. ભીંતને નહીં. કેમકે જે જેનું હોય તે તે જ હોય. સફેદપણું ખડીનું હોવાથી સફેદ તે ખડી જ છે પણ ભીંત-આદિ નથી. આહા! પ્રતિપાદનમાં પણ એટલી એકાગ્રતા હોય એટલે આ એ જ શબ્દ આવ્યા કરે. આહા! એની સાથે સાથે વિકલ્પ છે ને એટલે થાક છે. આહાહા!

**પરંતુ સ્વદ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે**, હવે કારણ આપે છે. **કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ખડી ભીંત-આદિની નથી.** એટલે ભીંતને સફેદ કરતી નથી. ખડી તો ખડી છે. ડબ્બામાં હોય ત્યારે પણ ખડી ખડી અને ભીંતમાં હોય ત્યારે પણ ખડી તો ખડી જ છે. આહા! ભલે તેના આકાશનું ક્ષેત્ર બદલ્યું પણ સ્વક્ષેત્ર બદલતું નથી. પદાર્થ સ્વક્ષેત્રને બદલાવે નહીં, આકાશના ક્ષેત્રે બદલાવ્યું. અહી ડબ્બામાં હતી તે આકાશના ક્ષેત્રે ત્યાં ગઈ. પરક્ષેત્ર બદલ્યું પણ સ્વક્ષેત્ર તો, સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવ તે અનંત ચતુષ્ટય પદાર્થમાં રહે છે, આહાહા!

**ખડી ભીંત-આદિની નથી, (આગળ વિચારીએ:) જો ખડી ભીંત-આદિની નથી**, ભીંત સફેદ થઈ નથી, ભીંતની નથી ખડી, **તો ખડી કોની છે?** ભીંતની નથી તો ખડી કોની છે? **ખડીની જ ખડી છે.** આહાહા! ખડીની ખડી છે. ભીંતની નથી નિષેધ કર્યો. અને ખડી તો? ખડી ખડીની છે. જ્ઞાન પરનું નથી તો જ્ઞાન કોનું છે? કે આત્માનું છે. એમ નથી. આહાહા! બહુ જ માર્મિક છે. પર્યાયના નિશ્ચયની વાત, ત્રણ પર્યાયના નિશ્ચયની વાત અપૂર્વ છે આ. આ ચારિત્રની પર્યાયના નિશ્ચયની વાત આપણે લેવી છે ને તે.

**(આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે જેની (આ) ખડી છે?** ખડીની ખડી છે તેમ કહ્યું, કે બે

ખડી થઈ જાય. કઈ ખડી કઈ ખડીની છે? તો ખડી તો બે નથી, ખડી તો એક પદાર્થ છે. ખડી નામનો પદાર્થ તો એક જ છે. તો આ ખડી આ ખડીની છે તો બેપણું આવે. તો કઈ ખડી કઈ ખડીની છે? તે પ્રશ્ન થાય સીધો. **ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે કે જેની (આ) ખડી છે? (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.** ખડી ખડીની છે, ખડી ખડીની છે તેવા બે સ્વ-સ્વામી અંશનો ભેદ આવ્યો વ્યવહાર. **અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે?** ખડી ખડીની છે તેમાં સાધ્યની સિદ્ધિ નથી. તેમાં તો વિકલ્પની સિદ્ધિ છે. ખડી દ્રષ્ટિગોચર નહીં થાય.

મુમુક્ષુઃ- તેમાંય સાધ્યની સિદ્ધિ નથી.

ઉત્તરઃ- નથી.

મુમુક્ષુઃ- તો ભીંતને સફેદ કરે તે તો વાત જ ક્યાં છે?

ઉત્તરઃ- વાત જ ક્યાં છે તે તો અજ્ઞાન થઈ ગયું.

મુમુક્ષુઃ- સ્વદ્રવ્યનો ઉચ્છેદ થઈ ગયો.

ઉત્તરઃ- સ્વદ્રવ્યનો ઉચ્છેદ થઈ ગયો એમ કહે છે. **કાંઈ સાધ્ય નથી, તો પછી ખડી કોઇની નથી, ખડી ખડી જ છે-એ નિશ્ચય છે.**

સમાપ્ત.

ॐ


Version 2: http://AtmaDharma.com or http://AtmaDharma.org Please report errors to rajesh@AtmaDharma.com